# પરમ પૂજ્ય તપસ્વી ૧૦૦૮ શ્રી જગજીવનજી મહારાજ
## સંક્ષિપ્ત પરિચય



પૂજ્ય તપસ્વી શ્રી જગજીવનજી મહારાજનો જન્મ સૌરાષ્ટ્ર પ્રાંતના એ ગીર પ્રદેશમાં થયો હતો જ્યાં પ્રતિદિન વનરાજોની ગર્જના સંભળાય છે. એ ગામ હતું અમરેલી જિલ્લાનું દલખાનીયા. તેમનો જન્મ વિક્રમ સંવત્ ૧૯૪૩, માર્ગશીર્ષ કૃષ્ણપક્ષ ૫ ના દિવસે થયો હતો. તેમના પિતાજીનું નામ મોનજીભાઈ તથા માતાજીનું નામ જકલબેન હતું. બાલ્યાવસ્થામાં જ તેમના માતા–પિતાની છત્રછાયા હટી ગઇ હતી અને તેમણે એક પ્રકારની અનાથ દશાનો અનુભવ કર્યો. પરંતુ પોતાની નિષ્ઠા અને સેવા ભાવનાથી તેમણે જનતાનું દિલ જીતી લીધું અને નગરશેઠની પદવી પ્રાપ્ત કરી લીધી. લગભગ ૨૫ ગામોના સરપંચ ચૂંટવામાં આવ્યા અને શિક્ષણ તથા પરસ્પરના સહયોગ માટે તેમણે ઘણું કામ કર્યું.

હરિજનોની વચ્ચે પોતાની ૫૦૦ એકર જમીન વિતરીત કરી દીધી અને હરિજનોને અધિકાર અપાવ્યા. તેમના જીવનમાં વૈરાગ્ય ભાવના હતી. એટલે તેઓ સાંસારિક ઝંઝટથી નિવૃત થઇને સાધુ જીવન તરફ વળી ગયા. તેમણે સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મહારાજના ચરણોમાં ભાગવત જૈન સાધુ દીક્ષા સ્વીકારી લીધી અને તપસ્યા કરવામાં લાગી ગયા. તેમની કઠોર તપસ્યા જોઇને બધાં લોકો અચંબો પામતા હતા. પછી તેમના પુત્ર શ્રી જયંતમુનિજીએ પણ પ્રાણલાલજી મહારાજના ચરણોમાં સાધુ જીવનનો સ્વીકાર કર્યો. શ્રી જયંતમુનિજીના વિશેષ અધ્યયન માટે વારાણસી (બનારસ) જવાનો પ્રશ્ન ઊભો થયો. જૈન મુનિ પદયાત્રા જ કરે છે. એટલે આ પ્રથમ અવસર હતો કે ગુજરાતથી પગપાળા ચાલીને કોઇ સંત બનારસ પહોંચ્યા હોય. કઠોર પરિશ્રમ અને ઉત્સર્ગનો સામનો કરીને આ બંને સંતોએ વારાણસીમાં પદાર્પણ કર્યું. ત્યાં ચાર વર્ષો સુધી લગાતાર અધ્યયન કર્યા પછી તપસ્વીજી મહારાજ જયંતમુનિજીને સાથે લઇને પૂર્વ ભારતમાં પધાર્યા. જૈન તીર્થોનું પર્યટન કરીને કલકત્તામાં યશસ્વી ચાતુર્માસ સંપન્ન કર્યું અને શ્રી ગિરીશચન્દ્રમુનિજીને ભાગવતી જૈન દીક્ષા પ્રદાન કરી તથા નામાંકિત સંત બન્યા. ત્યાર પછી વિભિન્ન સ્થળોમાં તેમના ચાતુર્માસ થયા અને અનેક સ્થાનોમાં વિદ્યા, જૈન ભવન, ઉપાશ્રય તથા મંદિરનું પણ નિર્માણ થયું. તપસ્વીજી મહારાજનો દૃષ્ટિકોણ ઉદાર હતો, એટલે તેઓ બધા ધર્મોનો સમાન આદર કરતા હતા. તેઓ જન્મજાત કવિ હતા. સમગ્ર લેખન તેમણે દોહામાં પ્રસ્તુત કર્યું. તેમણે ૧૮,૦૦૦ પદ લખ્યા, જેમાં મંગલ વિહાર, ઋષભ ચરિત્ર, કૃષ્ણ ચરિત્ર, સુદર્શન ચરિત્ર, વગેરે પ્રમુખ ગ્રંથ છે.

## પૂ. ગુરુદેવ શ્રી જગવનજી મ.સા.નો જીવન પરિચય...

તથા ગુરુ વંદના, નીતિ શાસ્ત્ર, વગેરે મધ્યમ ગ્રંથ પણ લખ્યા. તેમણે લગભગ ૧૮,૦૦૦ માઇલની પદયાત્રા કરી. તેમની ૮૨ વર્ષની ઉંમર હતી. સેંકડો માઇલનો વિહાર કર્યા બાદ અંતિમ ચાતુર્માસ ધનબાદમાં થયું. આ ઉંમરે પણ તેમનું શરીર સર્વથા નિરોગ હતું. ૩૨ દાંત મોજુદ હતા. એક પોસ્ટકાર્ડ પર ૫૦૦૦ અક્ષર લખી શકતા હતા. જૈન ધર્મનું સુપ્રસિદ્ધ દશનૈકાસલિખ સૂત્ર જે એક હજાર પદનું છે, એ તેમણે અતિ સુક્ષ્મ અક્ષરોમાં ત્રણ પાનામાં લખ્યું છે, જેમાં જરાપણ કાપકૂપ નથી,એકદમ સ્વચ્છ લખાણ છે. જૈન સંત અંતિમ જીવનમાં અનશન જીવન (સંથારા) સ્વીકારીને જીવન ત્યાગ કરે છે, પરંતુ બધા સાધુઓ માટે આ શક્ય નથી. કોઇ વિરલ સંત જ આમ કરી શકે છે.

તેમની ઇચ્છા હતી અનશન ધારણ કરીને દેહ પરિત્યાગ કરવાની ૧૨ ડીસેમ્બર, ૧૯૬૭માં રાજગીરમાં પ્રવેશ થયો અને ૨૧ ડીસેમ્બર, ૧૯૬૭માં તપસ્યામાં આરૂઢ થઇ ગયા. ૪૫ દિવસો સુધી અનશન ઉદયગિરિ પર્વત પર ચાલ્યા. બિહાર સરકારે બહું મોટું યોગદાન આપ્યું. ટેલિફોન, વિજળી, પાણી બધું ઉદયગિરિમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા. બિહારના તત્કાલીન મુખ્યમંત્રી મહામાયા બાબુ, અનુગ્રહ નારાયણ ઇત્યાદિ બધા મંત્રી મંડલે આવીને તપસ્વીજીના દર્શન કર્યા. સંત વિનોબા ભાવે બે વાર દર્શનાર્થે આવ્યા. જયપ્રકાશ નારાયણ પોતાની પત્ની પ્રભાવતીજી સાથે દર્શનાર્થે આવ્યા. તેમણે કહ્યું હતું કે શું અત્યારે પણ એવા સંત છે જે સાપની કાંચળીની જેમ પોતાનો દેહ છોડી શકે છે. તપસ્વીશ્રીએ કબીરની પંક્તિને ચરિતાર્થ કરી છે. જયપ્રકાશ નારાયણ પણ સ્વયં કવિતા ગાવા લાગ્યા... *ઝીની–ઝીની બીની ચદરિયા જસકે તસ ધર દિની ચદરિયા, મૈલી ન કીની ચદરિયા.*

ત્યારબાદ નતમસ્તક તઇને આશીર્વાદ લઇને પાછા ફર્યા. જાપાનના ફુજી ગુરૂજી આવ્યા અને તેમણે કહ્યું... અર્થાત આ તપસ્વી મારા માટે બુદ્ધ સમાન છે અને તેમણે બહુ જ નમ્રતાની સાથે પ્રણામ કર્યા તથા બીજી પુણ્યતિથિ પર સ્વયં શ્રદ્ધાંજલિ આપવા માટે પધર્યા. મા આનંદમયીએ કહ્યું કે તેઓ આ યુગના ઋષભદેવ છે અને ખળખળાટ હસીને તેમણે પુષઅપાંજલિ અર્પણ કરી. ૧૯૬૮ ફેબ્રુઆરીની ૫ મી તારીખે, માઘ શુક્લા સપ્તમી, સોમવારે શુભ સમયે તપસ્વીજીએ પ્રાણ ત્યાગ કર્યો. તેમના સાંસારિક પુત્ર બચુભાઇ (અમૃતલાલ) ત્યાં ઉપસ્થિત હતા અને તેમણે અગ્નિ સંસ્કાર કર્યો.

૨૦,૦૦૦ની ભીડ ઉપસ્થિતિ હતી. આવા મહાન તપસ્વી પોતાની અલૌકિક ખુશ્બુ છોડીને પરલોક સીધાવી ગયા. તેમના સંથારાની સ્મૃતિમાં પૂર્વ ભારત સંઘની સ્થાપના થઇ. તપસ્યા દરમ્યાન તેમણે કહ્યું હતું કે મારી પાછળ કોઇ આડંબર કરશો નહિં. કેવળ માનવ સેવાનું કાર્ય કરજો. શ્રી જયંત મુનિજીએ આ આદેશ શિરોધારણ કર્યો અને આજે તપસ્વી મહારાજના નામે રાજગીરમાં પૂજ્ય તપસ્વી શ્રી જગજીવનજી મહારાજ મહાવિદ્યાલય (કોલેજ), પૂજ્ય તપસ્વી શ્રી જગજીવન મહારાજ સરસ્વતી વિદ્યા મંદિર (૧૦ અર) મોટા પ્રમાણમાં ચાલી રહે છે. જેમાં ૧૪૦૦ વિદ્યાર્થી અધ્યયનરત છે. ૮ એકર જમીનમાં આ વિદ્યાલય ફેલાયેલી છે. પ.પૂ. તપસ્વી શ્રી જગજીવનજી મહારાજ શિશુ વિદ્યા મંદિર (બાલવિદ્યાલય) સુચારૂ રૂપે ચાલી રહી છે. જેમાં ૭૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યાછે. તે સિવાય પેટરબારમાં પૂજ્ય તપસ્વી શ્રી જગજીવનજી મહારાજ ચક્ષુ–ચિકિત્સાલયની સ્થાપના ૨૫ વર્ષ પહેલાં થઇ હતી. આ સંસ્થા સમગ્ર બિહાર ઝારખંડમાં નિ:શુલ્ક ભાવે અપૂર્વ સેવા કરી રહી છે અને તેણે લાખો નેત્રરોગીઓને સહાયતા પહોંચાડી છે. તદુપરાંત કેટલાક ગ્રામીણ વિદ્યાલય પણ પૂજ્ય તપસ્વીજી મહારાજના નામે ચાલી રહ્યા છે.